# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 26-04-2024 બપોરે : 2.30 થી 2.35

વાર : શુક્રવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર સોનલ પરમાર વાંચે છે.

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## *2 phase Election (12 Clock)*

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં આજે ઝડપી મતદાન થવાના અહેવાલ છે. આ તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની 88 લોકસભા મતવિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં કેરળમાં 20, કર્ણાટકમાં 14, રાજસ્થાનમાં 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ, મધ્યપ્રદેશમાં છ, આસામ અને બિહારમાં પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ અને મણિપુરમાં એક-એક બેઠકનો સમાવેશ થાય છે.

મોટાભાગના મતવિસ્તારોમાં આજે સવારે 7 વાગ્યે મતદાન શરૂ થયું હતું અને સાંજે 6 વાગ્યે પૂર્ણ થશે. જો કે, ઉત્તર પૂર્વીય રાજ્યો અને ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારોમાં સમય બદલાયો છે.

દેશના વિવિધ ભાગોમાંથી અમારા સંવાદદાતાઓ અહેવાલ આપે છે કે વિવિધ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. યુવા અને મહિલા મતદારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

કેટલાક અગ્રણી ઉમેદવારો કે જેમનું રાજકીય ભાવિ આજે EVMમાં સીલ થઈ રહ્યું છે તેમાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર, તેજસ્વી સૂર્યા, હેમા માલિની, અરુણ ગોવિલ અને ભાજપમાંથી ઓમ બિરલા, રાહુલ ગાંધી, શશિ થરૂર, કોંગ્રેસના ડીકે સુરેશ અને જેડીએસના કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીનો સમાવેશ થાય છે..

આ તબક્કામાં આઉટર મણિપુર લોકસભા મતવિસ્તારના ચાર ઉમેદવારો સાથે કુલ એક હજાર 202 ઉમેદવારો મેદાનમાં છે.

1.67 લાખ મતદાન મથકો પર 16 લાખથી વધુ મતદાન અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. બીજા તબક્કામાં લગભગ 16 કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પાત્ર છે. અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે લગભગ 35 લાખ પ્રથમ વખત મતદારો આ તબક્કામાં મતદાન કરવા માટે નોંધાયેલા છે.

## 1400 STATES-VOTER TURNOUT

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં ઝડપી મતદાન થવાના અહેવાલ છે. બપોરે 1 વાગ્યા સુધી, ત્રિપુરા અને મણિપુરમાં 54 ટકાથી વધુ, છત્તીસગઢમાં 53, પશ્ચિમ બંગાળમાં 47, આસામમાં 46, જમ્મુ અને કાશ્મીરમાં લગભગ 43 ટકા, રાજસ્થાનમાં 40 ટકાથી વધુ, મધ્યપ્રદેશમાં લગભગ

39 ટકા, કેરળમાં 39, કર્ણાટકમાં 38 ટકાથી વધુ, ઉત્તર પ્રદેશમાં લગભગ 36 ટકા, બિહારમાં લગભગ 34 ટકા, મહારાષ્ટ્રમાં લગભગ 32 ટકા મતદાન નોંધાયા ના  અહેવાલ છે.

## RAJKOT_ASHWINI VAISHNAV

રાજકોટમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા  સંવાદ ભારત વિકાસ 2047 વિષય પર સેમિનાર યોજાયો હતો.. જેમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વર્ષ 2047 માં ભારતના વિકાસ અંગેની સરકારના આયોજન વિશેની રૂપરેખા આપી હતી.ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો અને બુદ્ધિજીવીઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે  કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2047 માં ભારતના વિકાસનો રોડમેપ અત્યારથી જ તૈયાર કરી દેવાયો છે. ,વૈશ્વિક સ્તરે ભારતની સ્થિતિ,દેશની અર્થવ્યવસ્થા અંગેનું આયોજન અત્યારથી જ સરકારે કર્યું છે.. રાજકોટમાં રૈયા રોડ પર પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે યુવાઓને ભવિષ્યના ભારત અંગે પોતાના વિચારો રજૂ કરવા પણ આહ્વાન કર્યું હતું.. તેમણે વંદે ભારત ટ્રેન નો સંપૂર્ણ નિર્માણ ભારતમાં થયું હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## Congress suspended

ગુજરાત કોંગ્રેસે સુરતના નિલેશ કુંભાણીને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે. ગુજરાત પ્રદેશ શિસ્ત સમિતિના સભ્ય બાલુભાઇ પટેલે જણાવ્યું છે કે, સુરત બેઠક ઉપર તમામ ઉમેદવારીપત્ર થવાની ઘટનામાં કુંભાણીની સંપૂર્ણપણે નિષ્કાળજી હતી. તેમ છતાં તેમને રજૂઆત કરવા માટે કોંગ્રેસે પૂરતો સમય આપ્યો હોવા છતાં કુંભાણી શિસ્ત સમિતિ સમક્ષ હજુ સુધી હાજર થયા નથી. અને કોઇપણ જાતનો ખુલાસો પણ કર્યો નથી તેથી કોંગ્રેસ પક્ષે કુંભાણીને છ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે.

## Daman Congress

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં કોંગ્રેસના ઉમેદવાર કેતન પટેલે ઘાંચીવાડમાં ચૂંટણીપ્રચાર કર્યો હતો. ભરૂચના કોંગ્રેસના સ્ટારપ્રચારક મુમતાઝ અહમદ પટેલ પણ પ્રચારકાર્યમાં જોડાયા હતા.

## Income Tax Facilitation Centre

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં અસરકારક ચૂંટણી ખર્ચની દેખરેખ માટે ભારતના ચૂંટણીપંચના આદેશ અનુસાર આવકવેરા વિભાગને ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કાળા નાણાનો ઉપયોગ, જાહેર ન કરાયેલ રોકડ, ઝવેરાત અને અન્ય અપ્રગટ સંપત્તિના વ્યવહાર પર કડક તકેદારી રાખવા જણાવાયું છે.

જેના ભાગરૂપે અમદાવાદની આવકવેરાની કચેરી ખાતે 24 કલાક કંટ્રોલરૂમ તથા ફરિયાદ મોનીટરીંગ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. જેનો ટોલ ફ્રી નંબર છે. 1800 – 599 – 99999 લેન્ડ લાઇન નંબર – 079 – 29911052/53/54/55 છે.

જયારે ઇમેલ એડ્રેસ – cleangujratelection@incometax.gov.in

## AAP

લોકસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીનું "જેલ કા જવાબ વોટ સે" ચૂંટણી અભિયાન ગીત લોન્ચ કરવામાં આવ્યું હતું. દિલ્હી સ્થિત પક્ષના મુખ્યાલય ખાતે, સાંસદ સંજય સિંહ, દિલ્હી પ્રદેશ કન્વીનર ગોપાલ રાય અને અન્ય વરિષ્ઠ નેતાઓએ આ ચૂંટણી ગીત લોન્ચ કર્યું.

## AHD_BIKE RALLY

લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય એ ઉદ્દેશથી અમદાવાદમાં બાઇક રેલી યોજાઇ હતી. કલેક્ટર કચેરી, અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-,  શહેર અને ગ્રામ્યની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ તેમજ સ્કૂલ બોર્ડના સહયોગથી બાઇક રેલી યોજાઇ હતી.. અમદાવાદ જિલ્લા કલેક્ટર ઓફિસ ખાતેથી અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ આ બાઈક રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ બાઇક રેલી ગાંધીઆશ્રમ, જૂના વાડજ, આશ્રમ રોડથી પસાર થઇને ટાગોર હોલ ખાતે તેની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. મતદાન જાગૃતિના પોસ્ટર સાથે આયોજિત આ રેલીમાં ૫૦૦૦થી વધુ શિક્ષકો જોડાયા હતા.